# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૩૮ ૯ નવેમ્બર, ૨૦૧૩, શનિવાર; કારતક સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૨ ૨મીથી શાળા-બાળ આરોગ્ય ચકાસણી

## ૩.૯૧ લાખ બાળકોના આરોગ્યની તપાસ થશે : ૨૦ ટીમો દ્વારા કામગીરી થશે : રોજના ૧૨૦ જેટલા બાળકોને આવરી લેવાનું આયોજન : તપાસ મુખ્યત્વે ફોર-ડી આધારિત હશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૨ નવેમ્બરથી બાળ આરોગ્ય અને શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો શુભારંભ થશે. જેમાં જિલ્લાના ૩.૯૧ લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

રાજય સરકારના અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ શાળા-આરોગ્ય ચકાસણી સાથે રાષ્ટ્રીય બાલ સુરક્ષા અભિયાનને પણ સાંકળી લેવામાં આવ્યું છે. રોજના ૧૨૦ બાળકોના આરોગ્યની તપાસ આરોગ્યની ટીમ દ્વારા તપાસવામાં આવશે. આ તપાસ મુખ્યત્વે ફોર-ડી આધારિત હશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાને ૨૦ટીમોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર અને કલોલ તાલુકાને ૬-૬ ટીમ ફાળવવામાં આવી છે. જ્યારે દહેગામને પાંચ અને માણસાને ૩ ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક આયુષ ડૉક્ટર અને એક હોમીયોપેથી ડૉક્ટર હશે. જ્યારે બે અન્ય કર્મચારીઓ હશે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોના સ્વાસ્થ્યની વર્ષમાં બે વાર તપાસ કરવાનું આયોજન છે.

સામાન્યતઃ ૧૪મી નવેમ્બરથી શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ શરૂ થતો હોય છે. પરંતુ આ વખતે રાજ્ય સરકાર દ્વારા જ તપાસ ટીમો ફાળવવામાં આવનાર હોવાથી તેમાં એકાદ સપ્તાહ જેટલો વિલંબ થયો છે. તબીબોની પસંદગીની પ્રક્રિયા હાલ ચાલુ છે અને આ પખવાડિયાના અંત સુધીમાં જે તે ટીમોની નિયુક્તી જિલ્લામાં કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકારે પણ ખાસ સહાય આપી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શાળા-આરોગ્ય ચકાસણી પ્રોજેક્ટ પ્રાઈમ મીનીસ્ટર એવોર્ડ માટે નોમીનેટ થયેલ છે અને હવે આખા દેશમાં આ પ્રોજેક્ટ અમલીકરણની દિશામાં આગળ વધી રહેલ છે જે ગુજરાત માટે ગૌરવ છે. ૧૯૯૫માં આ પ્રોજેક્ટ અમલી બન્યો હતો. જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં ગતવર્ષે પાંડુરોગની બિમારી ધરાવતા બાળકો સૌથી વધુ મળી આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લામાંથી ૮૨ બાળકો હૃદય, કેન્સર અને કીડનીની

● અનુસંધાન પાન-૫ પર

## ૧૦૯ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા મળી આવ્યા હતા

### ૬ બાળકો માનસિક તનાવ અનુભવતા અને ૪૨ બાળકો તમાકુના વ્યસની જણાયા હતા

ગાંધીનગર, તા. ૮

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન જિલ્લાના ૧૦૯ બાળકો સ્થૂળતા ધરાવતા મળ્યા હતા જ્યારે ૪૨ બાળકો તમાકુનું વ્યસન ધરાવતા મળી આવ્યા હતા.

૨૦૧૩માં થયેલ શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન જે ચોંકાવનારી હકીકતો બહાર આવી છે તેમાં ૩૨૪ બાળકોને શ્વસન તંત્રની બિમારી જણાઈ હતી. તો ૬ બાળકો માનસિક તનાવ અનુભવતા હોવાનું પણ ચકાસણી દરમ્યાન જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યું હતું.

બાળકની ઉંમરના પ્રમાણમાં વધુ પડતુ વજન એ બદલાતી જતી જીવનોની આદતોનો પડઘો પાડે છે. જંક ફુડનો વધુ પડતો ઉપભોગ બાળકને સ્થૂળ બનાવે છે.

આ કાર્યક્રમ દરમ્યાન અસ્થિભંગના રોગના દર્દીઓ પણ ૮ મળ્યા હતા અને ચેતાતંત્રની બિમારીથી પીડાતા ૨ બાળકો મળ્યા હતા.

તમાકુ જેવા વ્યસનો પણ બાળકોમાં ચકાસણી દરમ્યાન ધરાવતા હોવાની હકીકતથી તંત્રમાં હડકંપ મચી જવા પામી હતી. શાળાના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમાકુના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં આ પરિસ્થિતિ બહાર આવતાં તંત્રએ હવે આ પ્રતિબંધના અમલીકરણ માટે કડક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.



છઠ્ઠ પૂજન - બિહાર અને ઉત્તર ભારતમાં છઠ્ઠ મહાપર્વની ઉજવણી ભારે ધામધૂમથી થાય છે... અમદાવાદ સ્થિત ઉત્તર ભારતીય પરિવારો દ્વારા સૂર્યની ઉપાસના નદી કિનારે જઈને કરવાની પરંપરા જળવાય છે... સાબરમતી નદીના કિનારે આજે વહેલી સવારે સૂર્ય પૂજા માટે બિહારી પરિવારોની મહિલાઓ મોટી સમુહમાં ઉમટી હતી... પારંપારિક સૂર્યપૂજા દ્વારા પરિવારની સુખ-સમૃદ્ધિ અને ઉન્નતિની પ્રાર્થના થાય છે... હવે, ગુજરાતમાં પણ છઠ્ઠ પર્વની ઉજવણી કડવા ચોથની જેમ વધતી જાય છે... ભારતભરમાં સાંસ્કૃતિક એકતાને પ્રતિત કરાવતા આપણા પર્વો અને પ્રસંગો રાજકીય એકતા કરતાં મજબૂતાઈથી આગળ વધે છે... અલગ પ્રદેશ - અલગ દેશ છતાં એક જ દેશ એ ભાવ સાથે સાંસ્કૃતિક પારસ્પારિક એકતા ભારતને એક અને અખંડ રાખે છે... બંગાળની દુર્ગાપૂજા હોય કે બિહારનું છઠ્ઠ પર્વ હોય કે રાજસ્થાનની હોળી ઉત્સવ હોય દેશભરમાં ઉજવણી સર્વ માન્ય બનતી જાય છે... ઉત્સવોની ઉજવણીમાં ગુજરાતીઓ દૂધમાં સાકર ભળે તેમ દરેક પ્રદેશના ઉત્સવની ઉજવણીમાં ગુજરાતીઓ ઉત્સાહભેર જોડાય છે...

## સી.બી.આઈ.ની ટીમ દિનુ સોલંકીને લઈ તપાસ અર્થે દિવ પહોંચી

ગાંધીનગર, તા. ૮

રીમાન્ડ મેળવ્યા બાદ આજે સી.બી.આઈ.ની ટીમ દિનુ બોઘા સોલંકીને લઈ તપાસ અર્થે દિવ પહોંચી છે. ગુજરાતના બહુચર્ચીત અમીત જેઠવા હત્યા કેસમાં સી.બી.આઈ.એ જુનાગઢના ભાજપના સાંસદ દિનુ બોગા સોલંકીની ધરપકડ રજુ કરીને ગઈકાલે અમદાવાદ સી.બી.આઈ. કોર્ટમાં રજુ કરીને ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રીમાન્ડ મેળવ્યા બાદ તપાસ અર્થે સી.બી.આઈ.ની ટીમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ દીનુ બોઘા સોલંકીને લઈને કોડીનાર તેના ઘરે અને ફાર્મ હાઉસમાં પહોંચી હતી.

## ગાંધીનગરથી ઈવીએમ બિહાર જશે

### લોકસભાની ચૂંટણી માટે પંચે હાથ ધરેલી કવાયત : ૧૧મીથી ઈ.વી.એમ.નું એફ.એસ.સી. શરૂ થશે

ગાંધીનગર, તા. ૮

લોકસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓ ચૂંટણી પંચે આરંભી દીધી છે અને તેના ભાગરૂપે ગાંધીનગરથી પાંચ હજાર જેટલા ઈ.વી.એમ. બિહાર મોકલાશે.

એક તરફ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ માટેનો જંગ શરૂ થઈ ચુક્યો છે ત્યારે બીજી તરફ પંચે લોકસભા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીના જણાવ્યાનુસાર બિહારના બે જિલ્લા માટે ૪૮૪૫ જેટલા ઈ.વી.એમ. મોકલવામાં આવનાર છે. આ માટે બિહારના અધિકારીઓની ટીમ આગામી સપ્તાહે ગાંધીનગર આવી પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

શ્રી મન્સુરીએ એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે કંપની દ્વારા ફર્સ્ટલેવલ ઈન્સ્પેક્શન પણ ૧૧ નવેમ્બરથી એમ.એસ. બિલ્ડીંગ ખાતે હાથ ધરવામાં આવશે. આ ઈન્સ્પેક્શન માટે શ્રી પી. રામુના નેતૃત્વમાં ચાર સભ્યોની ટીમ ગાંધીનગર આવી રહી છે. ફર્સ્ટ લેવલ ઈન્સ્પેક્શનની પ્રક્રિયા પાંચ દિવસ સુધી ચાલશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાં લોકસભાની ચૂંટણી માટે ૧૫૭૦ બેલેટ યુનિટ અને ૧૨૩૦ કંટ્રોલ યુનિટ તૈયાર રાખવામાં આવશે.

એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે બિહારના સરન અને પુરનિયા જિલ્લામાં ઈ.વી.એમ. ફાળવવાનો આદેશ પંચ દ્વારા કરવામાં આવ્યો છે. આ મશીનો ખાસ ટ્રક દ્વારા રોડ માર્ગે મોકલવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાં તંત્ર પાસે આખા રાજ્યમાંથી ઈ.વી.એમ. રિપેરીંગ માટે મંગાવાયા હતા અને તેને કારણે આપણી પાસે વધારાના ઈવીએમ ઉપલબ્ધ થતાં આ ફાળવણી પંચ દ્વારા કરવામાં આવી છે.

તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણા ઝુંબેશ બાદ ડેટા એન્ટ્રીની કામગીરી હાલ ચાલુ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ફર્સ્ટ લેવલ ચેકિંગ માટે ઈજનેરી સ્ટાફને મદદરૂપ થવા કર્મચારીઓની ખાસ ફાળવણીના પણ હુકમો તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

## શ્રદ્ધાંજલિ



સ્વ. રાકેશકુમાર ગોરધનદાસ પટેલ (પ્રાંતિજ)
સ્વ.તા. ૩૦-૧૦-૨૦૧૩

અણધારી વિદાય આપની, સૌના કાળજા કંપાવી ગઈ,
રડી પડે છે આંખો અમારી, જોઈ હસતી તસવીર તમારી
મન હજી માનતુ નથી તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ તમારા આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના...

લી.

ગોરધનભાઈ કચરાભાઈ પટેલ (પિતા)
(પૂ.પ્રમુખ, પ્રાંતિજ, ન.પા.)
મોતીબેન ગોરધનભાઈ પટેલ (માતા)
સુરેશભાઈ ગોરધનભાઈ પટેલ (ભાઈ)
જગદીશભાઈ ગોરધનભાઈ પટેલ (ભાઈ)
જીતેન્દ્ર ગોરધનભાઈ પટેલ (ભાઈ)
દર્શન જગદીશભાઈ પટેલ

પ્રતિક રાકેશકુમાર પટેલ (પુત્ર)
નેહલ રાકેશકુમાર પટેલ (પુત્રી)
નયનાબેન રાકેશકુમાર પટેલ (પત્નિ)
રવિન્દ્રભાઈ કેશાભાઈ પટેલ
અશોકભાઈ કેશાભાઈ પટેલ
કમલેશભાઈ કેશાભાઈ પટેલ
મહેન્દ્રકુમાર સુરેશભાઈ પટેલ

સ્વ. કેશાભાઈ કચરાભાઈ પટેલ અને ગં.સ્વ. અંબાબેન કેશાભાઈ પટેલ પરિવાર.
મુ.પો.પ્રાંતિજ, ને.હા.નં.૮, નવા ઘરાં, જી.સા.કાં.

## શહેરમાં ગુલાબી ઠંડીની સાથે આકાશમાં વાદળોનો ઘેરાવો

### ભેજનું પ્રમાણ ૭૧ ટકા બપોરે હળવા ઉકળાટનો અહેસાસ

ગાંધીનગર, તા. ૮

નવા વર્ષના પ્રારંભ બાદ વાતાવરણમાં પણ અચાનક બદલાવ જોવા મળ્યો છે. વહેલી સવારે અને મોડી સાંજે ગુલાબી ઠંડીના માહોલ વચ્ચે બપોરના સમયે વાદળીયુ વાતાવરણ છવાયેલુ જોવા મળે છે. આજે પણ સવારથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૭૧ ટકા નોંધાયું હતું.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉત્તર ગુજરાતમાં અપર લો સિસ્ટમ ડેવલોપ થતા વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. જેના પરિણામે નવરાત્રી બાદ વિખરાયેલા વાદળોનો આકાશમાં ફરી જમાવડો જોવા મળ્યો છે. આજે પણ દિવસ દરમિયાન વાતાવરણમાં તડકી-છાંયડી જોવા મળી હતી. સવારની ગુલાબી ઠંડક બાદ વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ જ્યારે વચ્ચે વચ્ચે ઉઘાડ નિકળતા દિવસ દરમિયાન આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. બીજીતરફ બપોરના સમયે નગરજનોને થોડો ઉકળાટ પણ અનુભવ્યો હતો. વાતાવરણમાં ભેજનુંપ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૬૧ ટકા રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૩૧.૮ ડી.ગ્રી નોંધાયું હતું. વાતાવરણ પલ્ટાના લીધે ખેડૂતોની નજર પણ આકાશ તરફ મંડરાઈ છે. અપર લો સિસ્ટમ ડેવલોપ થવાના લીધે સર્જાયેલા વાદળિયા વાતાવરણથી ખેડૂતોમાં પણ ચિંતાનું મોજુ સર્જાયુ છે. શહેરમાં ઠંડીની સીઝનના પ્રારંભે જ મોસમનો મિજાજ બદલાતા નગરજનો પણ અચરજમાં મુકાયા છે.


શુભેચ્છા



ધી ગુજરાત સચિવાલય સેક્સન ઓફીસર એસોસીએશનના પ્રમુખ પદે બિનહરીફ વરણી થવા બદલ માન. શ્રી પ્રદીપસિંહજી બિહોલાને ખૂબ ખૂબ અભિનંદન.

આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરો અને સમાજોપયોગી સત્કાર્યો કરતા રહો તેવી શુભેચ્છા...

શ્રી નરેશભાઈ શાહ
શ્રી આર. એમ. પટેલ
શ્રીમતી સ્વાતિબા રાઓલ
શ્રીમતી રેણુકાબેન શાહ
શ્રીમતી રંજનાબેન ચૌહાણ
તથા સમગ્ર
પ્રેરણા વિદ્યાલય પરિવાર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

નૂતન વર્ષાભિનંદન
asianpaints



ગાંધીનગર શહેર અને જિલ્લાના બિલ્ડર્સ, આર્કીટેક્ટ્સ, એન્જિનિયર્સ તથા વહેપારી મિત્રો, પેઈન્ટર ભાઈઓ તથા ગાંધીનગરના સર્વે નગરજનોને કાલીદાસ પટેલ તથા જસવંતલાલ સી. મોદીના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

અંબિકા એન્ટરપ્રાઈઝ
૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૦૧૩૦, (નિ.) ૨૩૨૨૧૫૫૦ મો. ૯૮૨૪૧ ૬૦૮૦૬
આઈ.સી.આઈ. પેઈન્ટ્સ, એશિયન પેઈન્ટ્સ, નેરોલેક પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, ઈન્ડોસેમ અને પોલિસ મટીરીયલ્સના અધિકૃત વિક્રેતા